**અનુસૂચિત જાતિ ,જનજાતિ અત્યાચાર નિવારણ ધારા-૧૯૮૯ના અસરકારક અમલ માટે પ્રાંત કક્ષાએ તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અહલ/૧૨૨૦૧૩/૩૪૦૨૭૨/હ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૨૮/૧/૨૦૧૬

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૮/૧૧/૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક: જી.એસ.આર.૭૨૫(ઇ)

(૨) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા.૫/૧૧/૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક: જી.એસ.આર.૭૭૪(ઇ)

**ઠરાવ:-**

કેન્દ્ર સરકારના અનુસૂચિત જાતિ/જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ હેઠળ ઘડવામા આવેલ અનુસૂચિત જાતિ/જન જાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫ હાલ અમલમાં છે.આ નિયમોમાં કેન્દ્ર સરકાર તરફથી વખતોવખત સુધારાઓ કરવામા આવેલ છે.

આમુખમાં દશાવેલ ક્રમાંક(૧) અને (૨)ની અધિસૂચનાથી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ હેઠળના નિયમો ૧૯૯૫મા સુધારાઓ કરેલ છે, જે અન્વયે પ્રાંત સ્તરે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટના અધ્યક્ષસ્થાને તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે,પ્રાંત સ્તરે તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના નીચે મુજબ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સભ્યશ્રીનો હોદો | પદ | સભ્ય-સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી | અધ્યક્ષશ્રી | ૧ |
| ૨. | બ્લોક ડેવલોપમેન્ટ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી | ૧ |
| ૩. | પ્રાંત સ્તરે રાજ્ય વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યો | સચિવશ્રી | ૧ |
| ૪. | પંચાયત રાજ હેઠળ અનુસુચિત જાતિ/ જનજાતિના ચુંટાયેલા સભ્યશ્રીઓ | સભ્યશ્રી | - |
| ૫ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી | ૧ |
| ૬ | તહેસીલદાર | સભ્યશ્રી | ૧ |
| ૭. | અનુસુચિત જાતિ/જનજાતિના બિન સરકારી સભ્યો | સભ્યશ્રી | બેથી વધુ નહીં |
| ૮. | અનુસુચિત જાતિ/જનજાતિ સિવાયના બિન સરકારી સંસ્થાને લગતા સભ્યો | સભ્યશ્રી | બેથી વધુ નહીં |

ઉપર મુજબ પ્રાંત સ્તરે તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના જિલ્લા નાયબ કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને કરવાની રહે છે. તેથી પ્રાંત સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના સંબંધિત જિલ્લા કલેકટરશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે. આ સમિતિમાં નીમવાના બિન સરકારી સભ્યોની નિમણૂંક માટે તેમણે જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીનો પરામર્શ કરવાનો રહેશે.

આ સમિતિની બેઠક દર ત્રણ માસે ઓછામાં ઓછી એકવાર યોજવાની રહેશે.

આ સમિતિએ અનુસૂચિત જાતિ/જન જાતિ (અત્યાચાર નિવારણ)નિયમો-૧૯૯૫ના નિયમ-૧૭માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જગદીશ ખડીયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામ. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સામાજિક ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
નિયામકશ્રીશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશનરશ્રીઓ
સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વર્ગ-૧)
સર્વે નાયબ નિયામકશ્રી(તકેદારી)વર્ગ-૧ (સર્વે ઝોન)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો
વિભાગની સર્વે શાખાઓ
પસંદગી ફાઇલ